Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X | Impact Factor
Peer Reviewed | Quarterly
Vol.7 No.22 | Oct to Dec-2022

# યોગેશ જોશીની 'સમૂડી' નવલકથામાં સમાજશાસ્ત્રીય અભિગમ

ડૉ. મુકેશ બી. ચૌહાણ

નવલકથાઓ માત્ર મનોરંજનનો સ્ત્રોત નથી, પણ તે સમાજનું ચિત્રણ અને સમજણ પણ પૂરી પાડે છે. સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી નવલકથાનું વિશ્લેષણ કરવાથી આપણે ઘણું બધું શીખી શકીએ છીએ, જેમ કે:નવલકથાઓમાંવર્ગ, જાતિ, લિંગ, ધર્મ જેવા સામાજિક ગોઠવણોનું ચિત્રણ કેવી રીતે થાય છે તેનો અભ્યાસ કરી શકાય છે. આ પાત્રો કેવી રીતે સમાજ દ્વારા આકાર લે છે અને તેમના જીવન પર સમાજ કેવી અસર કરે છે તે જોઈ શકાય છેઘણીનવલકથાઓગરીબી, ભેદભાવ, અન્યાય જેવા સામાજિક મુદ્દાઓ ઉઠાવે છે. આ મુદ્દાઓ કેવી રીતે પ્રસ્તુત કરાય છે અને તે વાચકો પર શું અસર કરે છે તે સમજી શકાય છે.નવલકથાઓસમાજનામૂલ્યો, માન્યતાઓ અને રિવાજો નો પ્રતિબિંબ આપે છે. આ પરંપરાઓ કેવી રીતે કાયમ રહે છે અને સમયાંતરે કેવી રીતે બદલાય છે તે જાણી શકાય છે.કેટલીક નવલકથાઓ સામાજિક પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે. તે લોકોને મુદ્દાઓ સામે જાગૃત કરી શકે છે અને સમાજમાં સકારાત્મક બદલાવલાવવા માટે પ્રેરણા આપી શકે છે.

નવલકથાને માનવવ્યવહાર સાથે સંબંધ છે. બીજી જટાજંજાળમાં પડ્યા વગર આપણે કહી શકીએ કે નવલકથાનો વિષય છે માનવ. આ માનવ અન્ય માનવના સંપર્કમાં આવે છે, કાર્ય કરે છે, એમાંથી સંઘર્ષ ઉદ્ભવે છે, સંઘાત-પ્રતિઘાત શરૂ થાય છે. આમ, પાત્ર, પાત્રનું કાર્ય, એ બંને વચ્ચેનો સંબંધ, એ પાત્રો જેમાં જીવે તે વાતાવરણ, એ પાત્રોનાં કાર્યોમાંથી ઊભાં થતાં મૂલ્યો, જીવનદર્શન – આવી સંજ્ઞાઓ નવલકથાની ચર્ચામાં વપરાતી આવી છે...૧ સમાજશાસ્ત્ર સમાજનું વૈજ્ઞાનિક અધ્યયન કરે છે. મેકાઈવર અને પેજના મતે, ''સમાજ વ્યક્તિઓનો સમૂહ જ નથી પરંત સમૂહના સભ્યોની વચ્ચે જોવા મળતા સંબંધોની એક વ્યવસ્થા છે.'''..૨ તે સામાજિક રીતિઓ, કાર્યપ્રણાલીઓ, અધિકાર અને પારસ્પારિક સહાય, અનેક સમૂહો તથા તેમના વિભાજન, માનવવ્યવહારના નિયંત્રણો તથા સ્વતંત્રતાઓની વ્યવસ્થા છે. આ હંમેશા પરિવર્તિત થનારી જટિલ વ્યવસ્થાને આપણે સમાજ કહીએ છીએ. તે સામાજિક સંબંધોનું ગૂંફન છે અને સદૈવ પરિવર્તનશીલ છે. આ સામાજિક સંબંધોની જટિલ વ્યવસ્થા સમાજશાસ્ત્રના અધ્યયન ક્ષેત્રને બહુ વિશાળ સ્વરૂપ આપે છે. પી.એ. સોરોકીન" ના મત અનુસાર સમાજશાસ્ત્ર સામાજિક-સાંસ્કૃતિક ઘટનાઓના સામાન્ય સ્વરૂપો, પ્રકારો અને તેના આંતરસંબંધોનું સામાન્ય વિજ્ઞાન છે. તે સામાજિક-સાંસ્કૃતિક ઘટનાઓના મખ્ય સ્વરૂપોજેવા કે ધર્મ, મૂલ્ય, જ્ઞાન, કલા વગેરેનો પણ અભ્યાસ કરે છે. જેના પરીણામે ધર્મનું સમાજશાસ્ત્ર, મૂલ્યોનં સમાજશાસ્ત્ર, જ્ઞાનનું સમાજશાસ્ત્ર, કલાનું સમાજશાસ્ત્ર વગેરેનો વિકાસ થયો છે. કલાના સમાજશાસ્ત્રની અધ્યયન પધ્ધતિ સફળ થઈ તેના પછી સાહિત્યનંસમાજશાસ્ત્ર, સંગીતનૅ સમાજશાસ્ત્ર, ચલચિત્રનું સમાજશાસ્ત્ર એમ અનેક શાખાઓનુંક્ષેત્ર વિસ્તૃત થત રહયુ છે." ૩

જેમાં 'સાહિત્યનું સમાજશાસ્ત્ર' જ્ઞાનની નવી શાખાના રૂપમાં વિશાળ સમાજશાસ્ત્રની અંતર્ગત પોતાનું મહત્વ સ્થાપિત કરી શક્યુ છે. ''સાહિત્યના સમાજશાસ્ત્ર'' માં સાહિત્યને સામાજિક પ્રક્રિયાના એક પરિબળ તરીકે તપાસવામાં આવે છે. સાહિત્ય એક સામાજિક-સાંસ્કૃતિક ઘટના છે. તે સમાજની સંસ્કૃતિનું અભિન્ન અંગ છં; તે સ્વયં એક સંસ્થા છે. સાહિત્ય સંસ્થાના માધ્યમથી માનવ આંતરૂક્રિયાઓનું અર્થપૂર્ણ, વાસ્તવિક તથા વસ્તુનિષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કરવાના પ્રયત્નના પરીણામે ''સાહિત્યના સમાજશાસ્ત્ર'' નો ઉદ્ભવ-વિકાસ થયો છે. સાહિત્યનું સમાજશાસ્ત્ર સમાજશાસ્ત્રની શાખાના રૂપમાં સ્વીકૃત થઈને સાહિત્ય પરિશીલનને વૈજ્ઞાનિકતા પ્રદાન કરે

છે. જેના વડે સાહિત્યનું  એક સંસ્થા તરીકે અને તેના માધ્યમ તરીકે ભાષા - એ બન્નેનું સમાજશાસ્ત્રીય મહત્વ પ્રસ્થાપિત થઈ શકય છે. ..૪

**સમુડી"1984માં પ્રગટ થયેલી આ કૃતિ છેક 2017 સુધી ઘણી આવૃત્તિઓ પામતી રહી છે, એટલે કે સાહિત્યરસિક ભાવકોને સતત ગમતી રહી છે, યુનિવર્સિટીઓમાં ભણાવાતી રહી છે. ગામડું એટલે માત્ર લોકો ભૌતિક અંતરથી જ નજીક હોય તેવું નથી, અહીના લોકો વચ્ચેના અંતર 'અંતરથી' નજીક હોય છે તેવું આ કૃતિમાં સ્પષ્ટ જણાઈ આવે છે. સમાજશાસ્ત્રીઓની ગામડાની પરિકલ્પનામાં રહેલું પ્રકૃતિનું તત્ત્વ 'સમૂડી' નવલકથાના પ્રથમ પાના પર જ દેખાય છે, અને તેથી જ કહી શકાય કે સમાજ અને ગામડું એકબીજા પર આધારિત છે.....૫**

ઉત્તર ગુજરાતના અંતરિયાળ ગામની એક સાદી-સીધી કામવાળી છોકરી સમુડી એના રમતિયાળ, બોલકા, ઉમંગી, કામગરા સ્વભાવથી હર્ષદ, શાંતાફઈ, તેજો, વગેરે પાત્રોનાં - અને વાચકોનાં પણ -મનને જીતી લે છે. સમુડી-હર્ષદ-નયના એવી એક રેખા દોરાય છે પણ એ પ્રણયત્રિકોણની કોઈ ચીલેચલુ રેખા નથી. સાદી, સરળ કથા અને પ્રવાહી શેલી છતાં, નવલકથામાં હર્ષદના સંવેદન-વિચારનાં, તો સમુડીના ગામડેથી મુંબઈ સુધી જતાં થતા ફેરફારોનાં, ને સમયની બે સમાંતર ધારાઓનાં કેટલાંક સંકુલ વલયો ઊપસે છે જે આ કથાને નવલકૃતિની કલાત્મકતાનો સ્પર્શ આપે છે.

હર્ષદના ઘર સાથે સમુડીને જૂનો સંબંધ. સમુડી જન્મીય નહોતી ત્યારથી સમુડીના બાપા હર્ષદના ઘેર દૂધ આપતા. એથી જ તો સમુડી હર્ષદનાં બાને 'શોંતાફેબા' કહેતી. સમુડીને આમ કહેતી જોઈને 'મેલ્લા'નાં નાનાં છોકરાંય શાંતાબેનને શોંતાફેબા કહેતાં થયાં. એટલું જ નહિ, ગામા આખાયમાં તેઓ 'શોંતાફેબા' નામે ઓળખાતા થયાં. આને કારણે તો એમનું જૂનું ઉપનામ લોક્જીભેથી ભુલાઈ ગયું. જૂનું ઉપનામ નાક સહેજ લાંબું હોવાના કારણે પડેલું - "શોંતા ભેડી.'

ગામમાં ઘણાય લોકો આવા ઉપનામથી ઓળખાતા. ચંદુભેને જમણો પગ લંગડાતો આથી એ ચંદુ 'શટલ' નામે ઓળખાતા. મણિબેન વગર '"તેવારે' શણગાર કરતાં હોવાથી એ 'સેનીમાની રોણી' તરીકે ઓળખાતાં. કિન્તલાલનું નામ "કાંતિ ડૉક્લી' પડયું તે એમની લાંબી ગરદન ને ટોઈલી જેવા મોંને કારણે. પણ ભગવાનલાલનું નામ 'ખળચીતરો' શી રીતે પડયું એ તો હજી હર્ષદના ભેજામાંય ઊતરતું નથી. પણ સમુડીના 'શોંતા ફેબા' નામે તો 'શોંતા ભેડી' નામ બિલકુલ ભુલાવી દીધેલું! નહીંતર એક વાર ગામડાગામમાં આવું નામ પડયા પછી ભૂંસાતું નથી. શાંતાફેબાએ પણ સમુડીને ક્યારેય 'કામવાળી' તરીકે નથી જોઈ. દીકરીની જમ રાખે. વાસણ કે કપડાં વધારે હોય ત્યારે સમુડીને મદદ પણ કરે. શરૂશરૂમાં સમુડી કામ કરવા આવતી ત્યારે જ્યારે જ્યારે એ બાથરૂમમાં જાય ત્યારે સાબુ લઈને ખૂબ વાર સુધી સૂંઘ્યા કરે. ને પાછો સાબુદાનીમાં મૂકી દે. નવા સાબુનું ઉખાડી નાંખેલું રેપર તો એ કચરામાંથી જુદું કાઢી લઈ એના ઘરે લઈ જાય! [પૃ. ૧૮]

આધુનિકતાના ધસમસતા પ્રવાહની સમાન્તરે કોઈ નીતર્યું સ્વચ્છ ઝરણું દોડી આવતું હોય - એ રીતે આ લઘુ નવલકથા સમુડી ગુજરાતીમાં અવતરેલી છે. 1984માં પ્રગટ થયેલી આ કૃતિ છેક 2017 સુધી ઘણી આવૃત્તિઓ પામતી રહી છે, એટલે કે સાહિત્યરસિક ભાવકોને સતત ગમતી રહી છે, યુનિવર્સિટીઓમાં ભણાવાતી રહી છે. ઉત્તર ગુજરાતના અંતરિયાળ ગામની એક સાદી-સીધી કામવાળી છોકરી સમુડી એના રમતિયાળ, બોલકા, ઉમંગી, કામગરા સ્વભાવથી હર્ષદ, શાંતાફઈ, તેજો, વગેરે પાત્રોનાં - અને વાચકોનાં પણ -મનને જીતી લે છે. સમુડી-હર્ષદ-નયના એવી એક રેખા દોરાય છે પણ એ પ્રણયત્રિકોણની કોઈ ચીલેચલુ રેખા નથી. સાદી, સરળ કથા અને પ્રવાહી શેલી છતાં, નવલકથામાં હર્ષદના સંવેદન-વિચારનાં, તો સમુડીના ગામડેથી મુંબઈ સુધી જતાં થતા ફેરફારોનાં, ને સમયની બે સમાંતર ધારાઓનાં કેટલાંક સંકુલ વલયો ઊપસે છે જે આ કથાને નવલકૃતિની કલાત્મકતાનો સ્પર્શ આપે છે.

**સંદર્ભો**


1. ૧. https://ekatra.pressbooks.pub/kathopkathan/chapter
2. ૨. P.A. Sorokin, Society, Culture and Personality, Harper & Bros., New York, 1948, Page No. 16.
3. ૩. ડૉ.માણેકલાલ પટેલ, ગુજરાતી નવલકથામાં લગ્ન અને કુટુંબક્ષેત્રના આલેખનો, આર.આર. શેઠની કંપની, અમદાવાદ, ૧૯૮૩, પાના ન. ૧.
4. ૪. J.S. Roucek, The Sociology of Literature, Vol-II, No.2, July, 1961, P.P. 22-30.
5. ૫. http://www.sahityasetu.co.in/issue48/jignesh.php